# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/98 Dt. 09/09/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ‘ગુજરાત ઔદ્યોગિક નીતિ-2026’ની પ્રગતિશીલ જોગવાઈઓનું હાર્દિક સ્વાગત

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીનો સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગજગત વતી આભાર વ્યક્ત કરાયો

### વાલોડ, વ્યારા અને માંગરોળ તાલુકાના વર્ગીકરણ સુધારાથી પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ અને નવા રોકાણના દ્વાર ખુલશે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### ટેક્સ્ટાઇલ અને એપેરલ સેક્ટરને ‘થ્રસ્ટ સેક્ટર’નો દરજ્જો મળતાં સ્પેશિયાલિટી યાર્ન અને ટેકનિકલ ટેક્સટાઇલ્સમાં જંગી રોકાણની તકો સર્જાશે

### લાર્જ, મેગા અને અલ્ટ્રા મેગા પ્રોજેક્ટ્સ માટે આકર્ષક ઇન્સેન્ટિવ માળખું; મહત્તમ 50% સુધી કેપિટલ સબસિડી અને ₹1,250 કરોડ સુધીના વાર્ષિક પ્રોત્સાહનની જોગવાઈ

સુરત, 09 સપ્ટેમ્બર 2026: રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ‘ગુજરાત ઔદ્યોગિક નીતિ-2026’ ની પ્રગતિશીલ જોગવાઈઓને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા હાર્દિક આવકારવામાં આવી છે. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ગુજરાત સરકારની નવી ઔદ્યોગિક નીતિ-2026 બદલ રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીનો ચેમ્બર તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગજગત વતી આભાર વ્યક્ત કર્યો છે.

**દક્ષિણ ગુજરાત માટે 3 ગેમ-ચેન્જર નિર્ણયો: અશોક જીરાવાલા**

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, નવી ઔદ્યોગિક નીતિમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે ત્રણ મહત્વપૂર્ણ બાબતો અત્યંત આવકારદાયક અને ગેમ-ચેન્જર સાબિત થશે:

**01. વાલોડ, વ્યારા અને માંગરોળ તાલુકાના વર્ગીકરણમાં સુધારો:** આ તાલુકાઓના કેટેગરી વર્ગીકરણમાં કરવામાં આવેલા સુધારાથી પછાત વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ અને નવા મૂડીરોકાણ માટેના નવા દ્વાર ખુલશે.

**02. ટેક્સટાઇલ-એપેરલ સેક્ટરને 'થ્રસ્ટ સેક્ટર'નો દરજ્જો અને નવસારી PM મિત્રા પાર્ક:** સુરત અને દક્ષિણ ગુજરાત દેશનું અગ્રણી ટેક્સટાઇલ હબ છે. નવી નીતિ હેઠળ ટેક્સટાઇલને થ્રસ્ટ સેક્ટર તરીકે પ્રોત્સાહન મળવાથી તેમજ નવસારી ખાતે આકાર લઈ રહેલા PM મિત્રા પાર્કના ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સ્પેશિયાલિટી યાર્ન, ટેકનિકલ ટેક્સટાઇલ્સ અને વેલ્યુ-એડેડ પ્રોડક્ટ્સમાં મોટા પાયે વૈશ્વિક રોકાણ આકર્ષાશે.

**03. લાર્જ, મેગા અને અલ્ટ્રા મેગા ઇન્ડસ્ટ્રીઝ માટે આકર્ષક પ્રોત્સાહન:** મોટા પાયાના રોકાણો આકર્ષવા માટે લઘુત્તમ રોકાણ અને રોજગારીના સ્પષ્ટ માપદંડો નક્કી કરાયા છે. જે મુજબ લાર્જ ઇન્ડસ્ટ્રીમાં પ્લાન્ટ અને મશીનરીમાં ₹125 કરોડથી વધુનું રોકાણ, મેગા ઇન્ડસ્ટ્રીમાં ₹1,000 કરોડનું GFCI અને ઓછામાં ઓછી 250 લોકોને રોજગારી, જ્યારે અલ્ટ્રા મેગા ઇન્ડસ્ટ્રીમાં ઓછામાં ઓછું ₹10,000 કરોડનું GFCI અને 3,000 લોકોને સીધી રોજગારી આપવાનો માપદંડ નિર્ધારિત કરાયો છે.

**ઉદ્યોગોના વિસ્તરણ અને આધુનિકીકરણને વેગ મળશે: રવિ રાજ દેસાઈ**

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિરાજ દેસાઈએ જણાવ્યું હતું કે, નવી ઔદ્યોગિક નીતિ-2026માં 16 મુખ્ય થ્રસ્ટ સેક્ટર કેટેગરીઓ દર્શાવવામાં આવી છે, જેમાંથી અનેક ક્ષેત્રોમાં દક્ષિણ ગુજરાત અગાઉથી જ અગ્રગણ્ય છે. સરકાર દ્વારા પ્રોત્સાહન મળતાં અહીંના ઉદ્યોગોના એક્સપાન્શન, ડાઇવર્સિફિકેશન અને મોડર્નાઇઝેશન માટે આ નીતિ મહત્વપૂર્ણ સાબિત થશે:

- **કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ:** દહેજ PCPIR, અંકલેશ્વર, વાપી, પાનોલી, સચિન અને હજીરાના ઔદ્યોગિક વિસ્તારોને કારણે આ ક્ષેત્રમાં દક્ષિણ ગુજરાતની મજબૂત સ્થિતિ છે.

- **કેપિટલ ઇક્વિપમેન્ટ અને હેવી એન્જિનિયરિંગ:** હજીરા ખાતે વિકસેલી હેવી એન્જિનિયરિંગ, ફોર્જિંગ અને એન્જિનિયરિંગ મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ વિસ્તરણ માટે મજબૂત પાયો પૂરો પાડશે.

- **ગ્રીન એનર્જી અને સસ્ટેનેબિલિટી:** હજીરા અને દહેજના પોર્ટ આધારિત ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી ગ્રીન હાઇડ્રોજન તેમજ અન્ય ગ્રીન એનર્જીમાં નવી તકો ખુલશે. સુરતના CETP અને વેસ્ટ મેનેજમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી રિસાયકલિંગ ક્ષેત્રને વેગ મળશે.

- **ટેક્સ્ટાઇલ વેસ્ટ રિસાયકલિંગ:** વિશાળ પોલિએસ્ટર વેસ્ટના કારણે રિસાયકલ્ડ યાર્ન અને સર્ક્યુલર ટેક્સ્ટાઇલ ઇકોનોમીમાં મોટું રોકાણ શક્ય બનશે.

આ ઉપરાંત મોબિલિટી, મેટલ્સ-મિનરલ્સ, એગ્રો પ્રોસેસિંગ, હેલ્થકેર, સેમિકન્ડક્ટર એન્સિલરી, ન્યુક્લિયર પાવર ઇક્વિપમેન્ટ, વ્હીકલ સ્ક્રેપિંગ, ઇ-વેસ્ટ રિસાયકલિંગ અને શિપિંગ કન્ટેનર મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોમાં પણ વિશાળ તકો મળશે.

**આકર્ષક પ્રોત્સાહન માળખું: નિખિલ મદ્રાસી**

તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વિવિધ કેટેગરીના ઔદ્યોગિક એકમો માટે મહત્તમ સંયુક્ત પ્રોત્સાહનની મર્યાદા આકર્ષક રખાઈ છે, જેમ કે:

- **લાર્જ ઇન્ડસ્ટ્રી:** EFCIના કેટેગરી-A માં 20% અને કેટેગરી-Bમાં 15% સુધી, જ્યારે થ્રસ્ટ સેક્ટર માટે અનુક્રમે 35% અને 25% સુધી પ્રોત્સાહન.

- **મેગા અને અલ્ટ્રા મેગા:** મેગા ઇન્ડસ્ટ્રીમાં થ્રસ્ટ સેક્ટર માટે EFCI ના 35% (કેટેગરી-A) અને 30% (કેટેગરી-B), જ્યારે અલ્ટ્રા મેગામાં 40% (કેટેગરી-A) અને 35% (કેટેગરી-B) સુધી સહાય. સિલેક્ટેડ થ્રસ્ટ સેક્ટરમાં આ પ્રોત્સાહન કેટેગરી-A માટે EFCIના 50% સુધી અને કેટેગરી-B માટે 45% સુધી જઈ શકે છે.

- **વાર્ષિક પ્રોત્સાહનની મર્યાદા:** લાર્જ ઇન્ડસ્ટ્રી માટે વાર્ષિક ₹300 કરોડ, મેગા ઇન્ડસ્ટ્રી માટે ₹750 કરોડ અને અલ્ટ્રા મેગા ઇન્ડસ્ટ્રી માટે ₹1,250 કરોડ સુધીનું વાર્ષિક પ્રોત્સાહન નિર્ધારિત કરાયું છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા અને માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલે જણાવ્યું કે આ નીતિ માત્ર મોટા ઉદ્યોગો જ નહીં પરંતુ તેમની સાથે સંકળાયેલા હજારો MSME એકમો માટે પણ નવી તકો સર્જશે. ગુજરાતને હાઇ-વેલ્યુ મેન્યુફેક્ચરિંગ, ઇનોવેશન અને , નિકાસ- રોજગારીનાં ક્ષેત્રે વધુ મજબૂત બનાવવામાં આ ઔદ્યોગિક નીતિ સીમાચિહ્નરૂપ પુરવાર થશે, સાથે-સાથે દક્ષિણ ગુજરાતને ટેક્ષ્ટાઇલ્સ, કેમિકલ્સ, એન્જિનિયરીંગ અને ગ્રીન એનર્જી, રિસાયકલિંગ અને અન્ય ઉભરતા ક્ષેત્રોમાં રાષ્ટ્રીય તથા વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક બનાવશે.